# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૪૩. પૂ. મણીબા ત્રિવેદી

| | | |
|---|---|---|
| જન્મ | : | ૧૯૧૮ |
| જન્મ સ્થળ | : | અજમાવત કોટ |
| મૂળધર્મ | : | અંબામાતાના ભક્ત |
| જ્ઞાતિ | : | બ્રાહ્મણ |
| ભગવાનની અનુભૂતિ | : | ૦૬-૧૦-૧૯૫૯ |
| વ્રતધારણ દિન | : | ૧૯૭૬ |
| કેન્દ્ર નંબર | : | ૩૦ |

પૂ. મણીબાના લગ્ન જેઠાભાઇ સાથે થયા હતા. તેઓ કાલબાદેવીમાં રહેતા હતા. તે જે મકાનમાં રહેતા હતા ત્યાં તેમના પડોશમાં એક વકીલ હરિભક્ત સત્સંગીનું ઘર હતું. ત્યાં શાસ્ત્રીજી મહારાજ ને નિર્ગુણસ્વામી આવતા હતા. આમ ૧૯૩૯થી તેમને ઓળખાણ હતી જ. મણીબાને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની પધરામણી પોતાના ઘરે કરાવવી હતી તે માટે ખૂબ ભજન કર્યું. કારણ મણીબેન અને જેઠાભાઇ બંને માતાજીના ચુસ્ત ભક્ત હતા તો અંબામાતાએ ત્રણ દિવસ જેઠાભાઈને સ્વપ્નામાં દર્શન દઈને કહ્યું કે, 'અત્યારે સ્વામિનારાયણ

ભગવાન પૃથ્વી પર તેમના સંત દ્વારા પ્રગટ છે તો તેની મૂર્તિ તમે પધરાવો.' પણ જેઠાભાઈએ તે ન પધરાવી. પણ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની પધરામણી ઘરે કરાવી તેમનું પૂજન આરતી કર્યા. યોગીજી મહારાજ કહે, 'તમારા મંદિરમાં આ અક્ષરપુરૂષોત્તમની મૂર્તિ પધરાવીએ.' જેઠાભાઈએ 'હા' પાડી ને અક્ષરપુરૂષોત્તમની અને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પધરાવી.

યોગીજીમહારાજ મુંબઈ કપોળવાડીમાં પધારતા ત્યાં પારાયણમાં, સભામાં મણીબેન જાય. તેમને ચાની હોટલ હતી તેથી ચા, ખાંડ, દૂધ, છાશ સેવામાં મોકલતા. કપોળવાડીમાં પપ્પાજી, બા અને બહેનોની ઓળખાણ થઈ અને તેમને ભગવાનનું સ્વરૂપ ઓળખી લેવાની, સ્થિતિ કરી લેવાની લગની લાગી. ભજન કર્યું ને ૧૯૫૯માં ગુરૂહરિ પપ્પાજીએ તેમના જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું. પ.પૂ. તારાબેનને ગુરૂપદે સ્વીકાર્યા. આ અરસામાં મણીબા બિમાર હતા તેથી તારદેવ ૮/સી સોનાવાલામાં સોનાબાના ઘરે રહેવા આવ્યાં હતાં. પપ્પાજી ૬/ડીમાં રહેતા હતા. પપ્પાજીની તબિયત પણ સારી ન હતી છતાં પણ મણીબેનના ભજને ૮/સી માં ગયા. ખૂબ કથા વાર્તા કરીને પાછાં જતાં ૬/ડીના ચાર દાદરા ચડતાં ૧ કલાક થયો. પપ્પાજીની પલ્સ બહુ વધી ગઈ હતી ને હ્રદયની તકલીફ તો હતી જ. તે માંડ – માંડ દાદરા ચડ્યા ને ઉપર જઈ ચત્તા પાટ સૂઈ ગયા. એ કેવો ભક્તનો પોકાર ને ભગવાનનો ભક્ત સાથેનો કેવો નાતો !!

પપ્પાજીએ જેઠાભાઈને સાહેબ જેવા એકાંતિકમાં તેમની વૃત્તિ જોડીને તેમનું પણ કલ્યાણ કર્યું. બહેનો ૧૯૬૬માં વિદ્યાનગર રહેવા આવ્યા પછી મણીબેન અને જેઠાભાઈ દર વર્ષે એક મહિનો આબુ રહેવા જાય ત્યારે અઠવાડિયું જ્યોતમાં રહે. મણીબાની પ્રાર્થના ને સંકલ્પથી જ્યોતની બધી જ બહેનોની શિબિર પપ્પાજીએ આબુમાં કરી હતી.

મણીબાના બેન ચંદનબેન ભટ્ટ (વર્ષાબેન, રાજુબેનના માતુશ્રી) નું આખું કુટુંબ સમર્પિત ભાવે જીવી રહ્યું છે. એના મૂળ પાયામાં મણીબેન છે. એક વખત ચંદનબેનની નાની દીકરી રાજુ દોઢ – બે વર્ષની હતી ત્યારે એક જ્યોતિષે કહ્યું કે, 'આ દીકરીનું આયુષ્ય બહુ ઓછું છે.' ચંદનબેને મણીબેનને વાત કરી. મણીબેન કહે, 'જોગીબાપા જ્યોતિષ કરતા મોટા છે. ગોંડલ અક્ષરડેરીની માનતા

માનો, દીકરી લાંબુ જીવશે જ.' ગોંડલ ચંદનબેનના કુટુંબ સાથે મણીબા પણ ગયા હતા. ત્યાં અક્ષરડેરીની પ્રદક્ષિણા અને મણીબાના આશીર્વાદે આજે આપણે રાજુબેનને ઈન્દુબાના સેવક અને વારસદાર તરીકે અમદાવાદ જ્યોતમાં જોઈ રહ્યાં છીએ.

૧૯૭૫માં જેઠાભાઈ ધામમાં ગયા. મણીબેનનો સંકલ્પ કે, મારું સર્વસ્વ જ્યોત છે. પપ્પાજીએ મણીબેનની ભગવાનને પામવાની અંતરની લગન જોઈને કહ્યું, 'મણીબેન તમારી રૂમ મેં નવી જ્યોતમાં રાખી છે.' ત્યારે નવી જ્યોતનું બાંધકામ થતું હતું. ૧૯૭૫થી કાયમ માટે ગુણાતીત જ્યોતમાં બહેનો સાથે સ્થાન મળ્યું. ૧૯૭૬માં કાષાંબરી દીક્ષા આપી ને ૧૯૮૦માં સદ્‌ગુરૂ બનાવ્યાં.

જ્યોતમાં મણીબા શાકભાજીની, વીણવાની, સદ્‌ગુરૂ સાથે જોડમાં જવાની સેવા કરતા. ૧૯૮૩ થી ૧૯૮૬ સુધી સાંકરદા જ્યોતમાં જવાબદાર સદ્‌ગુરૂ તરીકે પપ્પાજીએ રાખ્યા. ત્યાં તેમની માહાત્મ્યભરી ગોષ્ટિથી કેટલાંય ચૈતન્યો પ્રભુ પંથે આગળ વધ્યા. કથાવાર્તા, ભજન, મહાપૂજા એમનું જીવન હતું. ૧૯૮૭માં મે વેકેશનમાં એક મહિનો નડિયાદ સેન્ટર પર રહ્યાં હતાં.

પપ્પાજીએ તો તેમની તનની પરીક્ષા પણ લીધી છે. કેન્સર જેવી બીમારીમાંથી પણ પસાર કર્યા છે ને બીમારીને પ્રભુ પ્રસાદ માન્યો છે. મણીબાએ પપ્પાજીને જીવનના અંતિમ શ્વાસ સુધી એક જ પ્રાર્થના કરી છે કે, 'હે પપ્પાજી ! મને નાના દેહમાં કાષાંબરધારી વસ્ત્રોમાં દોડીને સેવા કરું તેવી બેનમાં બીજો દેહ આપજો.'

એ મણીબાએ ૧૯૯૭ની સાલમાં ૮મી ઓક્ટોબરે આઠમા નોરતે તારાબેનની પ્રત્યક્ષ હાજરીમાં અક્ષરધામ ગમન કર્યું.

આવા મણીબાને સહુ સાધકોના કોટિ કોટિ નમન !!!



## ૪૪. પૂ. મધુબેન પટેલ (રસિલાબેન કે.)

| | |
|---|---|
| જન્મ | : ૧૪-૦૨-૧૯૪૨ |
| જન્મ સ્થળ | : નડિયાદ |
| મૂળ વતન | : નડિયાદ |
| માતાનું નામ | : પૂ. ડહીબેન |
| પિતાનું નામ | : પૂ. કશીભાઈ |
| ભાઈ | : પૂ. કાંતિભાઈ, પૂ. રામભાઈ, પૂ. જયંતિભાઈ, પૂ. રમેશભાઈ |
| બહેન | : પૂ. કમુબેન, પૂ. સવિતાબેન |
| મૂળધર્મ | : સ્વામિનારાયણ |
| અભ્યાસ | : પ્રાથમિક શિક્ષણ |
| જ્ઞાતિ | : હિન્દુ લેઉવા પટેલ |
| ભગવાનની અનુભૂતિ | : ૧૦-૦૭-૧૯૭૪ |

વ્રતધારણ દિન : ૦૧-૦૬-૧૯૬૬

કેન્દ્ર નંબર : ૩૧

## સાધનાનું બ્રહ્મસૂત્ર : માહાત્મ્યથી સેવા કર્યા કરવી.

પૂ. મધુબેન કાશીબાની દ્રષ્ટિમાં આવી ગયાં હતાં. મધુબેને નડિયાદમાં કાશીબાના મંડળમાં તન, મનના ભીડાને ગણ્યા વગર યોગીજી મહારાજની, સંતોની, પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી ને ભક્તોની સેવા કરીને કાશીબાની પ્રસન્નતાના પાત્ર બન્યાં. તેમના બહેન કમુબેન ૧૯૬૬માં વિદ્યાનગર ગુણાતીત જ્યોતમાં ભગવાન ભજવા આવતાં હતાં તેમની સાથે મધુબેન પણ જ્યોતમાં આવી ગયાં ને તેમનો નંબર પણ પ્રથમ ૫૧ બહેનો સાથે લાગ્યો ને કાષાંબરી દીક્ષા મળી તેમને જ્યોતમાં રસિલાબેન કહેતાં.

જ્યોતમાં જે સેવામાં જાય ત્યાં અડીખમ. સફાઇ અને લોન્ડ્રીની સેવા ખંતથી કરી છે ને એ પણ બે વ્યક્તિ જેટલી સેવા કરી શકે એવી ઝડપથી કરી સાથી મિત્રોની ને હેડની પ્રસન્નતા લેતાં. જ્યોતમાં જે મહેમાનો આવે તેને એના ગુરૂના મહિમાની વાતો કરે. જ્યોતમાં કાંઇપણ લખવાનું જાહેર થાય પ્રશ્નોના જવાબ કે સ્વરૂપો બહેનોનું માહાત્મ્ય જે લખવાનું હોય તે તરત લખીને આપી દે. ૧૯૭૪માં ગુરૂહરિ પપ્પાજીની અનુભૂતિ જીવમાં થઇ. માહાત્મ્ય અને નિર્દોષબુધ્ધિએ યુક્ત જીવન જીવી પપ્પાજી અને સ્વરૂપોની અમીદ્રષ્ટિ ને પ્રસન્નતાનું પાત્ર બન્યાં. તેમણે માસીબાના સેવક તરીકે પણ સેવા કરી છે.

રસિલાબેન દરેક સેવા ભજન ગાતાં ગાતાં કરે યા ધૂન કરતાં કરતાં કરે. સદાય હસતી મૂર્તિ. મસ્તરામ, જબરજસ્ત નિર્દોષબુધ્ધિ. સંબંધવાળાને કૈવલ્યમૂર્તિ માની મહિમા સમજી સૌ સાથે વર્તીને જ્યોતિબેન અને પપ્પાજીની હાશ લીધી છે. પૂ. સવિબેનને ક્યારેક કોઇકને કાંઇક કહેવાઇ ગયું હોય, પ્રસંગની ચોટ વધુ લાગી હોય ને પોતે ભજન ન કરી શકે એવું લાગે તો રસિલાબેનને બોલાવી લાવે ને તેમને કહે, 'મધુ તું ભજન ગા. હું સૂતી છું હું ના ન કહું ત્યાં સુધી તારે ભજનો ગાયા કરવાના.' ને એ અલમસ્ત મૂર્તિ સુમધુર કંઠે ભજન ગાય. એ

ભજનોના શબ્દોથી સવિબેન પાછા મૂર્તિમાં આવી જાય ને ફરી પાછા સેવામાં લાગી જાય.

એકવાર તેઓ પુસ્તક વાંચન કરતાં હતાં ને એકદમ જ કહે, 'આજે ચંદ્રીબેન (પાવાગઢી)ને અહીં લઇ આવશે. એને સારું નથી.' પછી પાછું પુસ્તક વાંચવા માંડ્યા. ને ખરેખર તેમને વિદ્યાનગર જ્યોતમાં લઇ આવ્યા ને તેમની તબિયત સારી ન હતી. જેની અગાઉથી કોઇને પણ ખબર ન હતી. અચાનક જ બધું બની ગયું હતું. પણ રસિલાબેનને અંતરમાં પ્રભુએ પ્રકાશ કર્યો.

પપ્પાજીએ ૨૦૦૩માં બીમારી પછી બોલવાનું બંધ કરી દીધું તો રસિલાબેને પણ તે પછી બોલવાનું બંધ કરી દીધું. કાંઇ ન બોલે. કોઇ કાંઇ પૂછે તો પણ કંઇ જ નહીં. કેવી પપ્પાજી સાથેની એકરૂપતા ! તેમને હ્રદયની બિમારી હતી. ને તે બે દિવસની જ બિમારીમાં ૧૮-૬-૨૦૦૫ના એકાદશીના રોજ અક્ષરધામ નિવાસી થયાં.

એવા રસિલાબેનને સહુ સાધકોના ભાવ સભર જય સ્વામિનારાયણ !!!